# સુરત મહાનગરપાલિકા
# પ્રધાનમંત્રી આવાસ યોજના
# એફોર્ડેબલ હાઉસીંગ સેલ

**<u>પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવાસ મેળવવાની અમૂલ્ય તક</u>**

**<u>પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત EWS–૧ ટાઈપ સ્કીમના આવાસોના નવા ફોર્મ વિત્તરણ બાબતે જાહેર સુચના</u>**

**<u>અરજી ફોર્મ મેળવવાની તથા જમા કરવાની મુદત</u>**

**<u>તા.૧૪/૦૫/૨૦૧૮ થી તા.૦૨/૦૬/૨૦૧૮ સુધી</u>**

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નીચે જણાવ્યા મુજબની વિગતે આવાસો મેળવવા અરજીપત્રકો મંગાવવામાં આવે છે.

**<u>EWS – ૧ ટાઈપ</u>**

| અનુ. નં. | આવાસનું સ્થળ | સરનામુ | EWS-I માટે સ્કીમ કોડ | આવાસોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નં.૨૫ (મોટા વરાછા), એફ.પી.૧૪૭ | સંસ્કૃતિ રેસીડેન્સીની બાજુમાં,મહારાજા ફાર્મની પાછળ, મોટા વરાછા, સુરત. | EWS-૧૬ | ૪૪૨ |
| ૨ | ટી.પી.સ્કીમ નં.૧૯ (પરવત–મગોબ), એફ.પી.૧૦૦ | વ્રજભુમી એપાર્ટમેન્ટની બાજુમાં, પરવત–મગોબ, સુરત. | EWS-૨૦ | ૨૦ |
| કુલ | | | | ૪૬૨ |

**<u>EWS–૧ ટાઈપ સ્કીમના અરજી ફોર્મ મેળવવાનું તથા ડીપોઝીટ અને પુરાવા સાથે જમા કરવાનું સ્થળ</u>**

**<u>આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની</u>** (૧) સુરત–અડાજણ (૨) સુરત–રાંદેર (૩) સુરત–એલ.પી.સવાણી રોડ (૪) સુરત–ભાગળ (૫) સુરત–રીંગરોડ (૬) સુરત–નાનપુરા (૭) સુરત–ઘોડદોડ રોડ (૮) સુરત–પુણા કુંભારીયા (૯) સુરત–ભટાર (૧૦) સુરત–ઉધના (૧૧)સુરત–ટેક્ષટાઈલ માર્કેટ (૧૨)સુરત–કતારગામ (૧૩)સુરત–વેડરોડ (૧૪)સુરત–સહારાદરવાજા (૧૫)સુરત–એલ.એચ.રોડ વરાછા (૧૬)સુરત–મીનીબજાર,વરાછા (૧૭)સુરત–સરથાણા (૧૮)સુરત–સીટીલાઈટ (૧૯)સુરત–પીપલોદ (૨૦)સુરત–વેસુ (૨૧)સુરત–અલથાણ શાખાઓ ઉપર **<u>તા.૧૪/૦૫/૨૦૧૮ થી તા.૦૨/૦૬/૨૦૧૮ સુધીમાં (જાહેર રજાઓ સિવાય)</u>** બેંકના કામકાજના સમય દરમ્યાન EWS–૧ ટાઈપ માટે રૂ.૫૦/– ની નિયત ફી ભર્યેથી અરજી ફોર્મ મેળવી શકાશે તેમજ ડીપોઝીટ (EWS–૧ ટાઈપ માટે રૂ.૭,૫૦૦/– "SURAT MUNICIPAL CORPORATION" નામનો PAYABLE AT SURAT ના ડિમાન્ડ ડ્રાફટથી) પુરાવા સાથે ભરેલ અરજી ફોર્મ જમા કરાવી શકાશે.

**નોંધ :–(૧)જે લાભાર્થીઓએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અગાઉ EWS–૧ ટાઈપ સ્કીમના અરજી ફોર્મ લીધા હોય તે અરજી ફોર્મમાં અરજી કરવી નહિ.જો અરજી કરશે તો અરજી ફોર્મ રદ કરવામાં આવશે. આ યોજના માટે નવા અરજી ફોર્મ લેવાના રહેશે.**

(૨) એક કુટુંબદીઠ એક જ ફોર્મ ભરવાનું હોય, તેવા સંજોગોમાં બેંકમાંથી એક વ્યકિતને એક જ ફોર્મ નિયત ફી લઈ આપવામાં આવશે.

(૩) પ્રત્યેક સ્કીમ માટેના કુટુંબદીઠ એક જ અરજી ફોર્મ ભરી શકાશે તેમ છતાં અરજદાર એક થી વધુ સ્કીમ માટે ફોર્મ ભરશે અને તેઓને ડ્રો માં એક થી વધુ સ્કીમમાં આવાસની ફાળવણી થાય તો તેઓની પસંદગીની એક જ સ્કીમમાં એક જ આવાસની ફાળવણી કરવામાં આવશે.

**(૪) લાભાર્થીઓએ અરજી ફોર્મમાં દર્શાવેલ તમામ વિગતો ભરવાની રહેશે તેમજ ભરેલ વિગતોના આનુષાંગીક પુરાવાઓ અરજી ફોર્મ સાથે જોડી બેંકમાં જમા કરાવવાના રહેશે.**

(૫) EWS–૧ ટાઈપ સ્કીમની જુદી જુદી સ્કીમમાં અરજી ફોર્મ ભરી શકાશે પરંતુ ડ્રો થયા બાદ મળેલ આવાસમાંથી પસંદગીનું એક જ આવાસ રાખી શકાશે બાકીના આવાસો સુરત મહાનગરપાલિકાને પરત કરવાના રહેશે.

(૬) EWS–૧ ટાઈપ યોજનાના અરજી ફોર્મ ભરતા પહેલાં અરજી ફોર્મમાં જણાવેલ સુચનાઓ, શરતો તથા બાંહેધરી ચોકસાઈપુર્વક વાંચવી. જે લાભાર્થી અરજી ફોર્મમાં જણાવેલ સુચનાઓ, શરતો તથા બાંહેધરી અનુસાર આવાસ મેળવવા પાત્રતા ધરાવતા ન હોય તેઓએ અરજી ફોર્મ તેમજ ડીપોઝીટ ભરવી નહિ.

(૭) કોમ્પ્યુટરાઈઝ ડ્રો થયા પહેલાં જે લાભાર્થીઓ પોતાની ડીપોઝીટ પરત મેળવવા માંગતા હોય તેઓએ પરત મેળવી લેવાની રહેશે. ડ્રો માં આવાસ ફાળવ્યા બાદ ડીપોઝીટની રકમ મળવાપાત્ર નથી તેમજ ભરેલ હપ્તાની ૫૦% રકમ જપ્ત કરવામાં આવશે.

(૮) પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા EWS–૧ ટાઈપ સ્કીમના ફાળવેલ આવાસો ૭ વર્ષ સુધી અન્યને તબદીલ કરી શકાશે નહી/ભાડે આપી શકાશે નહી/વેચી શકાશે નહી/ગીરો કરી શકાશે નહી તેમજ અન્ય કોઈ રીતે હસ્તાંતર કરી શકાશે નહિં.

(૯) પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા EWS–૧ ટાઈપ સ્કીમના આવાસો ફક્ત કોમ્પ્યુટરાઈઝડ ડ્રો દ્વારા ફાળવવામાં આવે છે તેમજ તેના હપ્તાની રકમ ડીમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડરથી એફોર્ડેબલ હાઉસીંગ સેલની કચેરી, વરીયાવી બજાર પોલીસ ચોકીની સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત ખાતે સ્વીકારવામાં આવે છે. આથી જાહેર જનતાએ કોઈ પણ વ્યકિતની વાતોમાં આવી જઈ ભરમાવું નહિ કે ભરોસો કરવો નહિ તથા અન્ય કોઈ ત્રાહિત વ્યકિતઓ સાથે નાણાંકીય વ્યવહાર કરવો નહિ. જો કોઈ લાભાર્થી અન્ય કોઈ ત્રાહિત વ્યકિતઓ સાથે નાણાંકીય વ્યવહાર કરશે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહિ. આ યોજના બાબતે વધુ માહિતી માટે સુરત મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસીંગ સેલની કચેરી, ધાસ્તીપુરા, સુરત ખાતે રૂબરૂ મળવું અથવા ફોન નં. ૨૪૨૮૫૫૭ થી સંપર્ક કરવો.

(૧૦)સદર જાહેરાત સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ **www.suratmunicipal.gov.in** ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

**પી.આર.ઓ. નં.૬૮/૨૦૧૮/૧૯**
**તા.૧૧/૦૫/૨૦૧૮**

**કમિશ્નર**
**સુરત મહાનગરપાલિકા**